

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*પરાઈ મટકી-ફોડની આદત પડી ગઈ છે!*
*ને મલાઈ-મિશ્રી ખાવાની આદત પડી ગઈ છે!*
*ટેવ પડી સત્તા-પક્ષમાં રહેવા 'રાસ' રમવાની -*
*'ગાય'ની ઓથે ઉભવાની આદત પડી ગઈ છે!*
*('જન્માષ્ટમી' સ્પેશિયલ)*

### હાઈકુ

*લાગ જોઈને*
*બદલાવું સૂર ને*
*વાગે વાંસળી...*
*(સંઘ સાથે તાલમેલ)*

*ને ટાઢે કોઠે -*
*યુદ્ધ મેદાને પણ,*
*આપું છું બોધ!!*
*(વાટા-ઘાટ-ચર્ચાઓ)*

### ચિંતન

*નિજદોષાવૃતમનસામ્ અતિ સુંદરમેવ ભાતિ વિપરીતમ્ ।*
*પશ્યતિ પિત્તોપહત: શશિશુભ્રં શંખમપિ પીતમ્ ॥*

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય 'સામાન્ય નીતિ'નો આ શ્લોક 'કમળો હોય એને બધું જ પીળું દેખાય' - એ સંદેશ આપે છે.

જે માણસ પોતે જ દોષદૃષ્ટિ છે, અને સૌનું વાંકુ જ જોનારો છે એ પોતાની કુટેવ મુજબ ગમે તેવા સદાચારી-સંત-સજ્જનના આચરણ કે સ્વભાવમાંથી કોઈને કોઈ દોષ શોધી જ કાઢે છે.

આપણામાં કહેવત છે 'ચોરના મનમાં બાવળ' - કોઈ અત્યંત સુંદર વસ્તુ પણ તેમને દોષપૂર્ણ દેખાય છે.

અહીં દૃષ્ટાંત આપતાં કહ્યું છે કે જેને કમળો હોય તેને સફેદ દૂધ જેવો શંખ પણ પીળો જ દેખાય છે.

### સુવિચાર

- જ્યારે પૈસો બોલે છે ત્યારે તેનું વ્યાકરણ કોઈ ચેક કરતું નથી - **મુંબઈ સમાચાર**
- આપણે ફક્ત આપણને વધારે સ્પષ્ટતાથી ઓળખી લઈએ, આખી દુનિયાને ઓળખવાની જરુર નથી - **જન્મભૂમિ**
- જિંદગીનો માર્ગ હંમેશા મુક્ત અને સુંદર જ રહ્યો છે. પણ આપણે સૌ રસ્તો ભૂલ્યા છીએ - **ચાર્લી ચેપ્લીન**
- અપૂર્ણતા ઉપરનો વિજય એ જ સાચો વિજય છે - **અખંડ આનંદ**
- મૂર્ખ માણસો માટે મૌન એ અલંકાર છે - **ભર્તુહરિ**
- આદર્શવાદી માણસ એટલે એવો માણસ જે બીજાઓને સમૃદ્ધ થવામાં મદદ કરે - **હેનરી ફોર્ડ**
- વેર સહન કરી લેવા કરતાં એનો બદલો લેવો વધારે મોંઘો સાબિત થાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : સવારે બે તોલા મધ, પાણી સાથે મેળવી પીવાથી દાહ, ખંજવાળ મટે છે

**(દીપક વી. આસરા)**

### બોધકથા

આપણે ત્યાં રાજકારણ-વૈજ્ઞાનિક-સાહિત્ય-ઈજનેર-આવાં કંપાર્ટમેન્ટ ચૂસ્ત રીતે પડી ગયા છે. આ બધા પોતાને ધર્મ-અધ્યાત્મથી અલગ-નાહવા-નિચોવવાનો પણ સંબંધ ન હોય એવું સમજે છે - ધર્મ તો બધાં ક્ષેત્રોનું સંકલન કરે છે.

પેરિસના પરાંની એક લોકલ ટ્રેનમાં વડીલ ધાર્મિક પુસ્તક વાંચતા વાંચતા રડતા હતા. બાજુમાં જ એક યુવાન આવી બેઠો - એણે વડીલને કહ્યું - જે પુસ્તક તમને ઢીલા બનાવી લાગણીશીલ-પોચટ બનાવે એવાં ધાર્મિક પુસ્તક વાંચો છો શું કામ ? વિજ્ઞાન અને નવાં નવાં સંશોધન-સાહસના પુસ્તક વાંચો ને!

લોકલ ટ્રેન યુનિવર્સિટી ખાલી થઈ - યુવાન અને વડીલ બંને ત્યાં જ ઉતર્યા. વડીલે યુવાનને પૂછ્યું તમે યુનિવર્સિટીમાં કોને મળવાં જઈ રહ્યા છો?

યુવાને કહ્યું - વૈજ્ઞાનિક લૂઈ પાશ્ચરને મળવા જઉં છું. એ હિંમતવાન - સાહસિક સંશોધક છે.

વડીલે પોતાનું કાર્ડ આપ્યું - કાર્ડ પર લખ્યું હતું - 'લૂઈ પાશ્ચર, વૈજ્ઞાનિક, પેરિસ યુનિવર્સિટી.'

# કૃષ્ણમ્ વંદે જગત્ ગુરુમ્...

આજે જન્માષ્ટમી પર્વ દેશભરમાં લોકોત્સવ તરીકે ઉજવાશે. મંદિરોમાં પૂજન-અર્ચન થશે તો માર્ગો ઉપર 'મટકી ફોડ' યોજાશે. શેરીઓમાં રાસ-ગરબા રમાશે... તો જ્ઞાનખંડોમાં વિશિષ્ટ ચર્ચાઓ થશે અને કેટલાંક જુગટું પ્રેમીઓ ૨૪ કલાક જુગાર રમીને કૃષ્ણને યાદ કરશે. પરંતુ ઉજવાશે. બધે જ મધ્યરાત્રીએ ૧૨.૦૦ વાગે 'નંદ ઘેર આનંદ ભયો' ના જયઘોષ સાથે કૃષ્ણ જન્મોત્સવ ઉજવાશે. કોણ હતાં એ કૃષ્ણ...? શું હતું એના વ્યક્તિત્વમાં...? કયું આકર્ષણ સૌને ખેંચતું હતું...? કેટલા પ્રકારની ભૂમિકાઓ તેમણે ભજવી હતી...? આવા અનેક સવાલો આજે પણ આપણા મનમાં સતત પજવણી કરે છે! ૫૦૦૦ વર્ષ પહેલાં બનેલી કોઈ એક ઘટના આપણા જીવનની પ્રેરણા માટે ઈતિહાસ બનીને ઊભી છે. જેમના જીવનની ક્ષણેક્ષણ માનવ જાત માટે પ્રેરકબિંદુ બનીને આજે પણ અકબંધ છે. આજે પણ વિશ્વમાં સંબોધન થાય છે...! આજે પણ કૃષ્ણના જીવન અંગે વિશ્વકક્ષાએ સંશોધન થઈ રહ્યું છે કે પ્રેમરસમાં ઓતપ્રોત તત્ત્વ યુદ્ધના મેદાનમાં પણ એ જ જોમ અને જુસ્સો કેવી રીતે પ્રગટ કરી શકે છે. જે પ્રેમ કરે એ જ યુદ્ધ કરે... જે વાંસળી પણ વગાડે અને શંખ પણ ફુંકે...! આ બંને અંતિમ તત્ત્વો એક જ વ્યક્તિમાં કેવી રીતે હોઈ શકે...? આ પ્રશ્નાર્થ ને હટાવી લઈએ તો જવાબ સીધો સાદો સરળ છે. જેને બંને આવડે તે જ પૂજાય છે. અને એટલે જ આપણે શ્રદ્ધાથી કહીએ છીએ કે 'કૃષ્ણંમ્ વંદે જગત્ ગુરુમ્.'

જેલમાં જન્મ થયો... સાવકા મા-બાપે ઉછેર કર્યો... ગોવાળિયાઓ સાથે ગાયો ચારી... સાથીઓ સાથે માખણ ચોર્યું અને ખાધુ... રાહદારી ગોપીઓની મટકીઓ ફોડી... વાંસળી વગાડી- રાસ રચ્યો... મામા કંસને માર્યો... દુર્જનોનો સંહાર કર્યો... અર્જુનની મિત્રતા નિભાવી... દ્રૌપદીના વસ્ત્ર(ચિર) પૂર્યા. પાંડવોના પક્ષે યુદ્ધના મેદાનમાં જતાં પહેલાં સમાધાન કરાવવાનો પ્રયાસ કર્યો. સ્વધર્મની પરિભાષા આપી. યુદ્ધના મેદાનમાં અર્જુનને ઉદ્દેશીને જીવનનો મર્મ સમજાવ્યો...! આ અને આવા અનેક કર્મોના માધ્યમથી લોકનાયક બનેલ કૃષ્ણ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન બની ગયા. કૃષ્ણના જીવનમાંથી અનેક પાઠ માનવજાત માટે ઉપયોગી છે. એક જ વાક્યમાં કહેવું હોય તો

**તંત્રીસ્થાનેથી...**

કૃષ્ણનું જીવન માનવ જીવનની વિદ્યાપીઠ છે.

કૃષ્ણના જીવનમાંથી માનવજાત માટે અનેક ભૂમિકા ભજવવાનો ઉત્સાહ પ્રાપ્ત થાય છે. પ્રેમ કર્યો હોવો જોઈએ? રાધા અને કૃષ્ણ જેવો !... મિત્ર કેવો હોવો જોઈએ? કૃષ્ણ અને સુદામા જેવો! સાચો માર્ગદર્શક કેવો હોવો જોઈએ...? એ જ ધર્નુધારી અર્જુન અને કૃષ્ણ જેવો...! બાળક કેવો હોવો જોઈએ? નટખટ નંદકુંવર જેવો! જીવનની પ્રત્યેક પરિમીતિ પર જીવનના તમામ રસાસ્વાદ કરાવનાર ભગવાન કૃષ્ણ આજે પણ નિરાશ -હતાશ-પીડિતો-વંચિતો- અટવાયેલા - અથડાયેલા સૌને માટે પ્રેરક તત્ત્વ બનીને અડીખમ ઊભો છે...! જીવનને તત્વમય અને રસમય બનાવવાનું સામર્થ્ય આપતો દેવ એટલે ભગવાન શ્રીકૃષ્ણ... અને એટલે જ એ જન્મોત્સવ તરીકે ઉજવવા સામાજિક થનગનાટ હોય છે. સૌના મનમાં રહેલો પ્રશ્ન પ્રગટ થાય છે. ગોપભાવે ... સખાભાવે... ઉપદેશક ભાવે.... નિર્દેશક ભાવે... જ્યાં જ્યાં જેવી જેવી ભૂમિકાની અનિવાર્યતા સર્જાય ત્યાં ત્યાં તેવી તેવી ભૂમિકા ભજવવાનું સામર્થ્ય પ્રગટે એ જ કૃષ્ણ.

# શરીરની કેપેસીટી મુજબ માખણ ખાવાથી શરીર પુષ્ટ બને છે

આજે જન્માષ્ટમી. કૃષ્ણને યાદ કરીએ એટલે ગાયો, ગોકુળ, ગોવાળ, ગોપી, રાધા, વાંસળી, અને માખણ બધું જ યાદ આવે. બાલકૃષ્ણની છબીનું મનમાં સ્મરણ કરીએ તો પહેલોવહેલો કાનુડાનો માખણ ખાતો પેલો ફોટો જ સ્મરણમાં આવે. માખણ એટલે નવનીત. નવનીત એટલે તાજગીસભર. નવનીત એટલે જે આપણને તરોતાઝા કરી દે તે. નવનીત એટલે કાયાકલ્પ કરી દે તે. આયુર્વેદે માખણના ખૂબ ગુણગાન ગાયા છે. અત્યાર સુધી કોલેસ્ટેરોલના નામે હો-હા કરતા વિદેશીઓ પણ ઘી-માખણ ને કોલેસ્ટેરોલ-ફ્રી ગણવા લાગ્યા છે. આપણા વડીલો દેશી ઘી-માખણ ખાઈને જ મોટા થયા છે. ગામડે રોજ શિરામણમાં રોટલો અને માખણનો મોટો પિંડો ખાવાના અને ખેતરે ઉપડવાનું.



ટુંકમાં, માખણ આપણો રોજીંદો આહાર છે. શરીરની કેપેસીટી મુજબ માખણ ખાવાથી શરીર પુષ્ટ બને છે. અલબત્ત જો સાથે શરીરિક શ્રમ ન કરીએ તો શરીરને વધુ પડતું પુષ્ટ બનતા વાર નથી લાગતી.

આયુર્વેદમાં ગાયના માખણને શ્રેષ્ઠ કહ્યું છે. ગાયનું માખણ શીતળ, ધાતુવર્ધક, બલદાયક, આંખનું તેજ વધારનાર, પુષ્ટિકારક, અને રૂચિકર છે. ચરકસંહિતામાં તાજા

## બટરનાં બેનીફિટસ

માખણના ગુણો વિષે જણાવ્યું છે કે તાજું માખણ ભુખ લગાડનાર, પાચન કરનાર, અને હદય માટે હિતકર છે (યસ, બટર ઈઝ હાર્ટ ટોનિક). માખણ પેટના અલ્સર (આઈ.બી.એસ), પાઈલ્સ અને ફેસીયલ પેરાલિસીસને દૂર કરે છે.

બટરની ન્યુટ્રીશીયલ વેલ્યુ જોઈએ તો બટરમાં ભરપૂર કેલોરી છે. સો ગ્રામ બટરમાં ૭૧૭ કેલરી રહેલ છે. તેમા સારી એવી માત્રામાં ફેટ, સોડીયમ, અને પોટેશીયમ રહેલા છે. માખણ વિટામીન-એ નો પ્રચૂર સ્રોત છે. માખણના (અને ઘીના ) પરમાણુંઓનું સંઘટન એ પ્રકારનું છે કે તે શરીરના એવા કોષ અને પેશીઓ (જેમકે મગજની અમુક કોશપેશીઓ)કે જ્યાં બીજા પરમાણુંઓ નથી પહોચી શકતા ત્યાં પહોચી શકે છે. (એટલે જ આયુર્વેદની અમુક દવાઓ ઘી માં બનાવવામાં આવે છે.) માખણમાં રહેલી સેચ્યુરેટેડ ફેટ એ કેલ્શીયમ, ફોસ્ફરસ, તેમજ વિટામીન એ અને ડી નું ભારણ ખમી લે છે. આ બધા જ તત્વો આપણી રોગપ્રતિકારક શક્તિને વિકસાવવા માટે ખૂબ જરૂરી છે માટે માખણ ઈમ્યુનિટી વધારવા માટે ઉત્તમ છે. માખણ ત્વચા માટે પણ હિતકર છે. માખણમાં સેલેનીયમ નામનું તત્વ રહેલુ છે. સેલેનીયમ એંટીઓક્સીડંટ છે, તેમ જ ત્વચાને પોષણ આપે છે.



**પહેલું સુખ તે જાતે નર્યા**


ડૉ. કેદાર ઉપાધ્યાય

માખણ બાળકોના મગજના વિકાસ માટે ખૂબ ફાયદાકર છે. માખણમાં આરાકીડોનિક એસિડ રહેલુ છે. આ તત્વ મગજના કોષોના વિકાસ માટે ખૂબ જરૂરી છે. આ ઉપરાંત માખણમાં વિટામિન-ડી રહેલું છે જે મગજની નર્વ (નસો) માટે ખૂબ જરૂરી છે. બાળકોનું મગજ અને તેન કોષો રોજેરોજ વિકાસ પામતા હોય છે. માખણમાં રહેલા આવા મેધ્ય તત્વો બાળકોનો માનસિક વિકાસ વધારે છે.

આમ, આયુર્વેદ તેમજ આધુનિક શાસ્ત્ર, બન્ને માખણને એક જરૂરી તેમજ ઉપયોગી ખાદ્યપદાર્થ માને છે. કાનુડાની જેમ જ દરેક બાળકને માખણ પ્રિય હોય છે. બાળકોને નિયમીત સપ્રમાણ માખણ આપવું જોઈએ. ('સપ્રમાણ' શબ્દ પર ભાર મુકવો. વધુ માખણ શરદી-ઉધરસ થી લઈ ને કેટલીય બીજી તકલીફો આપે છે). મોટાઓએ પણ આનંદથી યથાશક્તિ આરોગવું....હેપ્પી જન્માષ્ટમી...

**-contact@atharvaayu.com**

# અધરાતે મધરાતે સૈયર ચિતડાં ચોરી જાય, વેરણ વાંસળી



વિષ્ણુના દસ અવતારો પૈકી કોઈ પણ અવતારમાં ભગવાને કોઈ વાજિંત્ર વગાડ્યું હોય એવું જાણવા મળ્યું નથી, સિવાય કે શ્રીકષ્ણ. શ્રીકૃષ્ણે શાંતિકાળમાં વાંસળીના સૂર રેલાવ્યા અને યુદ્ધના મેદાનોમાં પર્જન્ય શંખ ફૂંક્યો. જો કે શંખને પાછું વાજિંત્ર કહેવાય કે નહીં એ વળી સાવ નવા વિવાદનો વિષય બને. (મહા) ભારત ભૂમિમાં અત્યારે એટલા બધા વિવાદો વકર્યા છે કે આપણે એમાં કોઈ ઉમેરો કરવા જેવો નથી, એટલે આપણે કેવળ વાંસળીના સૂરની જ વાત કરીએ એ કદાચ શાણપણ ગણાશે.



**મનના ઉમંગો**

રણછોડ પરમાર

મહાભારતકાળમાં શ્રીકૃષ્ણે જમના કાંઠે કદંમ ડાળે બિરાજીને રાધાજીને પટાવવા ખાસ વાંસળીના સૂર વગાડેલા. એ પછી સમગ્ર દેશના સર્વ ભાષાના કવિઓએ વાંસળીઓમાં એટલી બધી ફૂંકો મારી છે કે સ્વયં રાધાએ એ નાદ સાંભળ્યા હોય તો ગોકુળ તો ઠીક બરસાના મૂકીને ય કયાંક ચાલી નીકળત. અરે પણ જાત કયાં? આખા ભારતમાં કોઈ પણ ખૂણો કૃષ્ણપ્રિય કવિતા લખનારાઓથી બાકાત

## વાંસળીના સૂરનું આવ્યું ઘોડાપૂર

કયાં હતો? નરસિંહ મહેતા કહે, 'ઝૂલણ મોરલી વાગી રે, રાજાના કુંવર.' બીજી બાજુ મીરાંબાઈ 'નહિ રે વિસારું હરિ' એવું ગાવા માંડે ત્યારે મોહનની મોરલીને કયાંથી ભૂલે? એ તો ચોક્કસ ગાવાના, 'મોર મુગટ ને કાને કુંડળ, મુખ પર મોરલી ધરી.' દયારામ જેવા ભક્તને વાંસળી શોક્ય જેવી લાગે છે એટલે તો કહે છે.

માનીતી તું છે મોહન તણી હો વાંસલડી!
હો જી તુંને વ્હાલમ કરે છે ઘણું વ્હાલ રે હો વાંસલડી!
મીઠો આવડો શો શોર ? મોહયો નંદનો કિશોર.
તારું આવડું શું જોર, ભૂંડી કાળજુ મા કોર રે હો વાંસળડી!
પિએ અધરામૃત પિયુ તણું તું વાંસલડી!
અમારે શોક્ય સરીયું તું સાલ રે હો વાંસલડી!

આ તો વાત થઈ મધ્યકાલીન યુગના કવિઓ જે મૂળે તો ભક્ત હતા અને પ્રભુની આરાધના રૂપે જ કવિતા સર્જતા હતા. પણ આજના કવિઓને પણ એ પરંપરા ઝાલી રાખી છે. સુંદરમ્ કહે છે, 'મારી બંસીમાં બોલ બે વગાડી તું જા !' સુંદરમ્ના સહયાત્રી ઉમાશંકરભાઈ વળી ગાંધીયુગની અસરમાં આવી જઈ ગાવા માંડે છે :

- ચચ્ચાર આને!
હેલી અમીની વરસાવો કાને!
ચચ્ચાર આને!
હૈયાં રૂંધાયાં વહવો ન શાને?

ખરેખર તો વાંસળીના સૂરનું ઘેલું જ એવું છે કે કોઈ પણ કવિ એના વિષે કવિતા લખ્યા વગર રહી શકે નહીં. અરે ગની દહીંવાલા જેવો ગઝલવીર પણ આવું ગીત લખી દે છે બોલો -

અધરાતે મધરાતે સૈયર ચિતડાં ચોરી જાય,
વેરણ વાંસળી,
સ્વર મધ્યમથી ઉપડે ને પંચમમાં પથરાય,
વેરણ વાંસળી

આખરે આધુનિક કવિતાના સરસેનાપતિ સુરેશ જોષીએ આ બધા કવિઓનો હાથ પકડીને કહેવું પડ્યું -

ઓ રે ભાઈ કવિ,
જાણું છું કે નથી ઠેકાણે તારો મિજાજ,
પણ મારી એક બે વાત તો સાંભળ;
સૂરજની બખોલમાં બાંધેલો ઘુવડનો માળો
ભલે હવે વીંખી નાખ
ને એની ઓથે સંતાડેલી કૃષ્ણની વાંસળી.

ઘણી વાતો કરી (જો કે મન હજુ ભરાયું નથી) પર મોરલી તો સંભળાવવી પડશે ને? તો સાંભળો આપણા કવિમિત્રનું ગીત -

**મધ મીઠી મોરલી વાગે છે –**

*ઝીણો ઝરમર મેહુલીયો વરસે છે...*
*એવા વાદળ ગગનમાં ગરજે છે...*
*મધમીઠી મોરલી વાગે છે...*
*મારું દલડું મોહનમાં મોહ્યું છે... (૨)*
*સસરો સૂતાને સાસુ જાગે છે... મધમીઠી મોરલી વાગે છે.*
*ઝીણો ઝરમર મેહુલીયો વરસે છે...*
*મારાં જેઠ ઝરુખે ઝૂલે છે...(૨)*
*જેઠાણી વાયર ઢોળે છે... મઠમીઠી મોરલી વાગે છે.*
*ઝીણો ઝરમર મેહુલિયો વરસે છે.*
*મારો દેર દરવાજે ઊભો છે.*
*દેરાણી ગાવડી દોહવે છે... મધમીઠી મોરલી વાગે છે.*
*ઝીણો ઝરમર મેહુલિયો વરસે છે.*
*મારો પરણ્યો પલંગમાં પોઢ્યો છે... (૨)*
*જોઈ મનડું મોજું માણે છે... મધમીઠી મોરલી વાગે છે.*
*ઝીણો ઝરમર મેહુલિયો વરસે છે.*

*- રમણલાલ શ્રીમાળી*

# વિશ્વમાં જગદીશને જોવાની આદત પડે, ભેદ સુંદર ને અસુંદરનો નહી નજરે ચડે!

શ્રાવણી માહોલમાં શિવમય બનેલા જનસમૂહને ધર્મ,ન્યાય અને નીતિબોધ આપવા એક અલૌકિક અને ઉત્કૃષ્ટ પ્રતાપી વ્યક્તિ ભારતભૂમિમાં જન્મી, તે વ્યક્તિ એટલે સર્વજન સ્વજન શ્રીકૃષ્ણ...

પાંચ-પાંચ હજાર વર્ષના વહાણાં વાયાં છતાં આજે એટલું જ તરોતાજા કૃષ્ણ.....કૃષ્ણચરિત્ર આજે પણ એટલું જ પ્રસ્તુત છે. કાળ પ્રત્યેક વસ્તુનો રસ પી જાય છે. ''કાલં પિબતિ તદ્રસમ'' પરંતુ અહી કાળ પણ વિરામ પામ્યો, કાળ જ્યાં પરાભવ પામ્યો એવું ઉત્કૃષ્ટ ને ઉદાત્ત જીવન શ્રીકૃષ્ણચંદ્રનું છે.

આ ચરિત્ર જ કંઈક વિરલ... કલ્પનાતીત...

સરમુખત્યાર કંસની સામે સાચું બોલવાની કોઈ હિંમત ન કરે... એવા જુલ્મી કંસને અનૂકુળ ન હોય એવું બોલનારની તો જીભ ખેંચી લેવામાં આવતી...માત્ર ખુશામતિયા જ ટકી શકતા. ભીતરથી ભીરુ એવા કંસને એના પાપ ડરાવતા હતા. એના અત્યાચારે ભયનો માહોલ સર્જી દીધો હતો... કોઈના પર વિશ્વાસ ન હતો... અરે, ખુદનો આત્મવિશ્વાસ પણ ખોઈ બેઠો હતો. એની બહેન દેવકી કે એના બનેવી આ બાબતથી પર હતા. આ સત્યનિષ્ઠ દંપતિ વસુદેવ-દેવકી કે એના સંતાનો આ એકહથ્થુ રાજસત્તાનો અંત આણશે... એવી લોકવાણી...ચોગરદમ પડઘાતી હતી... 'દેવકીનું આઠમું સંતાન તારો કાળ બનીને આવશે' એવી આકાશવાણીએ એને ધ્રુજાવી નાંખ્યો પરિણામે સલામતી માટે દેવકી અને વસુદેવને કારાગૃહમાં બંદી બનાવી દીધા. દોસ્તો, શબ્દ એ આકાશનો જ ગુણ છે. બોલાયેલા શબ્દોને આકાશ ઝીલી લે છે. અને એ શબ્દો પુન: પ્રસારિત થઈ શકે છે. આ રીતે સમજીએ તો આકાશવાણી એ કંસના આક્રોશ સામે વર્ષોથી ઉચ્ચારાયેલી જનવાણી જ હતી.



પાપમાર્ગે પ્રવૃત્ત પોતાના ભાઈને સજા કરાવવા માટે કારાવાસની સજા અને આઠ આઠ પ્રસુતિની વેદનાઓ સહન કરનાર માતા દેવકી વંદનીય છે. કંસનો વધ કરીને કૃષ્ણ 'દેવકી પરમાનંદમ' બની રહ્યા. શ્રાવણની ઘનઘોર મેઘલી કાળી રાતે કારાગૃહમાં કંસના કાળ સમા કૃષ્ણનો જન્મ થયો. વસુદેવ – દેવકીનું તપ ફળ્યું. હવે કંસના પંજામાંથી કૃષ્ણને બચાવવા તેને પોતાના મિત્ર અને ગોકુળના મુખી નંદબાવાને સોંપવાનો વસુદેવે નિર્ણય કર્યો. કારાગૃહના દ્વાર આપમેળે ખૂલી ગયા. સિપાહી - સંત્રી સૂતા હતા અને કાં તો તેમણે જાણી જોઈને આંખ આડા કાન કર્યા હશે. જુલ્મી – અત્યાચારીના સૌ વિરોધી હોય જ.... વસુદેવે કૃષ્ણને ટોપલીમાં લીધા કવિ શ્રી મનોજ ખંડેરિયાએ લખ્યું છે

''ટોપલીમાં તેજ લઈ નીકળી પડો,
પાણીની વચ્ચેથી રસ્તો થઈ જશે!!''

પરમાત્માને માથે રાખીને ચાલનાર બધા જ ભયબંધનો તૂટી જાય છે. ઈશ સમર્પિત બુદ્ધિ માટે મુક્તિનો માર્ગ મોકળો બની જાય છે. યમુના પણ રસ્તો કરી આપે છે. સત્યરૂપ પરમાત્માના માર્ગે ચાલનારની કસોટી જરૂર થાય છે. પરંતુ તે જ માર્ગના બધ જ અવરોધોને અતિક્રમી જાય છે. પછી તો... ગોકુળમાં ઘનશ્યામ છવાઈ જાય છે. રાસ રમતા રમતા સ્ત્રીઓને જાગ્રત કરી દૂધ દહીં વેચનારી મહીયારીઓએ મથુરાના ઘરઘરમાં કૃષ્ણને વહેંચી આવતી હતી... ધીરે ધીરે મથુરાના લોકો પણ કૃષ્ણપ્રેમી બની ગયા. રાજસત્તા ભલે કંસની પણ લોકહૈયે કૃષ્ણની સત્તા પ્રબળ બની. મથુરાવાસીઓના દિલદિમાગમાં કૃષ્ણ છવાયા... તેથી જ તો ભરસભામાં કંસનો વધ કર્યો ત્યારે એકપણ વિરોધીએ કૃષ્ણનો સામનો ન કર્યો. લોકોની વર્ષો જૂની ઝંખના કૃષ્ણે સાકારિત કરી.

મિત્રો, 'ગોકુળ' ને એક સ્થળ વિશેષથી ઉફરા જઈ વિચારીએ તો 'ગો' એટલે 'ઈન્દ્રિય' ને 'કુળ' એટલે 'સમૂહ' આ દૃષ્ટિએ ઈન્દ્રિયોના સમૂહરૂપ આપણું શરીર પણ ગોકુળ જ છે. આ ગોકુળમાં શ્યામની બંસી નિરંતર વાગ્યા જ કરે છે. માત્ર અહંકાર અને વાસનાનો ભીતરી કોલાહલ બંધ થાય તો જ મૃદુ મંજુલ સ્વર સાંભળી શકાય. કહેવાય છે 'આત્માનો અવાજ' સાંભળનારો ગમે તેવા સંજોગોમાં સ્વસ્થ રહી શકે છે. મીરાનું ઝેર અમૃત બની શકે છે. દોસ્તો, જગતને ઝેર ઓકવાની ટેવ હોય છે, જયારે અમૃતવર્ષા કરવી એ વિશ્વંભરની ચિરંતન પ્રતિજ્ઞા છે! લોકનિંદા એ વિષ છે એનું પાન સન્માર્ગે ચાલનારને કરવું પડે.



**લાગણીનો મેળો**

રસિક વાળંદ

પેલી વાંસળી પ્રભુનું અધરામૃત પી શકે છે કારણ કે તે પોકળ છે. વાગવા માટે જ વીંધાઈ છે અને પ્રભુની ફૂંકે વાગે છે. આપણી જીવનબંસી પણ પોકળ (રાગ દ્વેષની નક્કરતા છોડી) બને. પ્રભુ કાર્યે વિંધાય (કષ્ટ સહન કરે) અને પોતાના તુક્કે નહી પણ શ્યામની ફૂંકે વાગવામાં જ ગૌરવ અનુભવે તો તે પ્રભુનું અધરામૃત પામી શકે. સાચા ભક્તની આજ કામના હોય છે. ''રામ રાખે તેમ રહીએ'' આવો સમર્પણભાવ – પોતાને ઈચ્છા – આગ્રહો જ ન હોય – વાંસનો સાવ ક્ષુલ્લક ટુકડો સૂર માધુર્ય રેલાવે છે એ માધુર્ય વાંસળીમાં નથી પણ એના વગાડનારામાં છે. પેલા અર્જુને કહ્યું હતું ને ''કરિષ્યે વચનં તવ'' આવું કહેનારની જીવનબંસીમાં પ્રભુ પોતે પ્રાણ પૂરે છે.

શ્યામ સાથે રમવું હોય તો ગોપીની માફક સમર્પણવૃત્તિ કેળવવી પડે. પદ-પૈસો પ્રતિષ્ઠા આ સઘળી મોટાઈની મટકી માથે લઈ ફરનારો માણસ મુક્તમને રમી શકે ખરો?! રમતમાં માણસ ખેલદિલ ને મોકળો ઈીક્ષ્ટ હોવો જોઈએ. માધવમય બનેલો માણસ ગીતાનું જીવંત ભાષ્ય જેવો હોય છે. મા શારદાનું વાહન મોર છે. સારસ્વતની કદર સમાજ કરે કે ન કરે પરંતુ જ્ઞાનના વાહક તરીકે તેનું સન્માન કરીને ભગવાન જરૂર તેને માથે ચડાવે છે, એ વાતની પ્રતીતિ ગોપાલકૃષ્ણે મોરપિચ્છને પોતાને માથે ચઢાવીને કરાવી.

દોસ્તો, મોરપિચ્છને ખેરવી નાખનાર મોર બેડોળ – કઢંગો દેખાય તેમ સાચા સારસ્વત – જ્ઞાનીની ઉપેક્ષા – તિરસ્કાર કે બહિસ્કાર કરનારા સામાજ સત્વશૂન્ય ને નિસ્તેજ બની જાય છે. મોરપિચ્છ જેવો સારસ્વત પ્રભુના મસ્તકે બિરાજવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરે છે. કવિશ્રી સુરેશ દલાલના શબ્દોમાં, ''કૃષ્ણ એટલે ક્રીડા અને લીલા, કૃષ્ણ રાસેશ્વર અને યોગેશ્વર, એ રાગપુરુષ, આગપુરુષ અને ત્યાગપુરુષ છે. કૃષ્ણ અંશમાં નથી અખિલાઈમાં છે. આનંદપુરુષ છે, ગોપીઓનો પ્રિયતમ છે પણ દ્રૌપદીનો મિત્ર છે. જન્માષ્ટમી એ કોઈ એક તિથિ નથી. કેલેન્ડરની તારીખનું પાનું નથી. જે ક્ષણે કૃષ્ણનું સ્મરણ કરીએ, કૃષ્ણનામનું શ્રાવણ કરીએ. જે ક્ષણે 'શ્રીકૃષ્ણ શરણંમમ' એમ કહીએ ત્યારે પ્રત્યેક પળે જન્માષ્ટમી છે. એને વૃંદા – તુલસી ગમે છે. એ વૃંદાવનનો વનમાળી છે. રુકમણી પારિજાત એના શ્વાસમાં છે. એ જીવે છે ગોપી, રાધા અને મીરાંની આસ્થામાં. લોકશાહીનો માણસ છે. ગીતાને અંતે અર્જુન કહે છે 'કરિષ્યે વચનનં તવ' તમે જે કહેશો તે કરીશ. કૃષ્ણ જવાબ આપે છે. 'યથેચ્છસિ તથા કુરુ' તને જે યોગ્ય લાગે તે કર.''

**: : સ્પર્શમણિ : :**

**પ્રભુ એ પ્રેમ છે અને જે કોઈ પ્રેમમય બનીને જીવે છે તે પ્રભુમાં વસે છે અને પ્રભુ તેનામાં વસે છે.**